ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૬ જુલાઈ, ૨૦૨૪

# આસપાસ ચોપાસ

# સૈજપુર



## સૈજપુર ગામના લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને તમાકુ તેમજ બાજરીના પાકની ખેતી છે

બોરસદ તાલુકાના સૈજપુર ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો સ્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ સૈજપુર દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને સૈજપુરના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે.

## સૈજપુર દુધ મંડળીમાં વાર્ષિક ટર્નઓવર રૂપિયા 63573072 થયેલ છે.

દુધ મંડળીના સેક્રેટરી ઠાકોરભાઈ સોલંકીના જણાવ્યા મુજબ સૈજપુર દુધ મંડળીની સ્થાપના 25-12-1961ના રોજ કરવામાં આવી હતી. અને રજીસ્ટ્રેશન નંબર 4609 નોંધાયેલ છે. સૈજપુર દુધ મંડળીના કુલ સભાસદોની સંખ્યા 1662 છે. જેમાં 1356 પુરૂષ સભાસદો અને 306 મહિલા સભાસદોનો સમાવેશ થાય છે. વર્ષ 2023-24 દરમ્યાન કુલ 900 સભાસદોએ દુધાળા પશુઓનું દુધ મંડળીમાં જમા કરાવ્યું હતું. દુધાળા પશુઓ પૈકી ભેંસનું દુધ 718483 લીટર જ્યારે ગાયનું દુધ 414181 લીટર જમા કરાવાયું હતું. કુલ દુધ ખરીદી 11322664 લીટર થયેલ છે. મંડળીમાં વાર્ષિક ટર્નઓવર રૂપિયા 63573072 થયેલ છે. દુધ મંડળીના ચેરમેન કાંતિભાઈ પરસોત્તમભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયોલ સાધારણ સભામાં વર્તમાન વર્ષે સભાસદોને 18 ટકા ભાવફેર બોનસ ચુકવવા માટે નિર્ણય લેવાયો છે.

## દુધ ઉત્પાદક મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા 5 વર્ષની ટર્મ માટે સુચારૂં સંચાલન કરવામાં આવે છે

સુરેશભાઈ મનુભાઈ સોલંકી - ચેરમેન, હરમાનભાઈ જેણાભાઈ રાઠોડ- વા. ચેરમેન, કમીટી સભ્યો : પુનમભાઈ બાબુભાઈ સોલંકી, રમણભાઈ આશાભાઈ ઠાકોર, ભુપેન્દ્રભાઈ જેઠાભાઈ પરમાર, મોહનભાઈ પુજાભાઈ સોલંકી, ભગવાનસિંહ બાબરભાઈ સોલંકી, ફકીરભાઈ હાથીભાઈ સોલંકી, મફતભાઈ મણીભાઈ સોલંકી, રમણભાઈ રામાભાઈ ગોહેલ



## દેવ મંદિરોમાં ગામના શ્રદ્ધાળુઓ અતુટ આસ્થા ધરાવે છે.

સૈજપુર ગામમાં મુખ્ય ચોકમાં અંબાજી માતાનું સુંદર મંદિર આવેલું છે. ગામમાં પ્રવેશતા જ નયનરમ્ય મંદિર જણાય આવે છે. આ ઉપરાંત ગામમાં મહાદેવજીનું મંદિર, રામદેવપીરજીનું મંદિર, ખોડીયાર માતાનું મંદિર અને સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર આવેલું છે. ગામમાં વસવાટ કરતા તમામ જાતિના લોકો ખુબ આસ્થા સાથે વર્ષ દરમ્યાન વિવિધ ધાર્મિક તહેવારોની ખુબ સંપ અને એકતાથી આસ્થા પૂર્વક ઉજવણી કરે છે. ગામમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાં નવરાત્રી, દિપાવલી, નૂતનવર્ષ, જન્માષ્ટમી, રામનવમી, હોળી, હનુમાન જયંતિ વગેરે વાર તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ગામની તમામ જાતિના લોકો ઉપસ્થિત રહી આનંદ સાથે ઉજવણી કરે છે.














સૈજપુર ગ્રામ પંચાયતમાં હાલ સોમાભાઈ રામાભાઈ સોલંકી સરપંચ તરીકે ફરજ બજાવે છે. તેમની સાથે સભ્યો તરીકે સેજલબેન વિશાલભાઇ સોલંકી, સુરેશભાઇ મનુભાઇ સોલંકી, રિન્કુબેન વિનોદભાઇ સોલંકી, સુરેશભાઇ ભીખાભાઇ સોલંકી, ગોવિંદભાઇ બબુભાઇ સોલંકી, રામાભાઇ માવાભાઇ સોલંકી, યોગીતાબેન દેવેન્દ્રકુમાર પટેલ, ઉષાબેન મહેશભાઇ ઠાકોર, દરિયાબેન મફતભાઇ ઠાકોર, કિરણભાઇ છગનભાઇ પરમાર ચૂંટાઈ આવેલ છે. આ ચૂંટાયેલ ટીમ દ્વારા ગામમાં વિવિધ વિસ્તારોમાં લોક ઉપયોગી વિકાસ કામો કરવામાં આવી રહ્યા છે. ગામમાં રોડ, રસ્તા, પાણી, ગટર, લાઈટ સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે.

ગ્રામ પંચાયત મકાનના નવનિર્માણ માટે તાજેતરમાં જ સરકાર દ્વારા માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. ગ્રાન્ટ ફાળવણી થયા બાદ સૈજપુર ગ્રામ પંચાયતના નવા મકાનના નિર્માણ માટે ખાતમુર્હુત કાર્યક્રમ યોજાયો હતો. નિયત થયેલ સ્થળે ખાતમુર્હુતવિધી ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને બોરસદ વિધાનસભાના ધારાસભ્ય રમણભાઈ સોલંકીના હસ્તે શાસ્ત્રોક્તવિધી અનુસાર કરવામાં આવી હતી. ખાતમુર્હુત કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયત સરપંચ, ઉપસરપંચ, સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.